# આપણા ગાંધીનગરને ગંદકીમુક્ત રાખવુ આપણો નાગરિક ધર્મ

## વાઈબ્રન્ટ સમિટ અને પ્રવાસી ભારતીય દિનને પગલે એકદમ સ્વચ્છ અને ગંદકીમુક્ત બનેલા ગાંધીનગરને આવુ જ સુંદર રાખવુ આપણી ફરજ છે

ગાંધીનગર, તા. ૨૨

તાજેતરમાં ગાંધીનગરમાં બે આંતરરાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમો યોજાઈ ગયા. પ્રવાસી ભારતીય દિવસ અને વાઈબ્રન્ટ ગુજરાત સમિટ. જો કે આ બંને ઈવેન્ટથી ગાંધીનગરને ભલે કોઈ સીધો ફાયદો ન મળ્યો હોય પરંતુ તેના આયોજનથી શહેર એકદમ પાટનગરની જેમ શોભી ઉઠ્યું છે. એકદમ ચોખ્ખુ, સ્વચ્છ અને કચરામુક્ત ગાંધીનગરની શોભા ખરા અર્થમાં નીખરી ઉઠી છે. આ ચોખ્ખુ ગાંધીનગર ફરીથી ગંદુ ન થાય તે જોવાની આપણી નાગરિક ફરજ છે.

ગાંધીનગરની વર્ષો જુની અને એકમાત્ર મોટી સમસ્યા જો કોઈ હોય તો તે છે ગંદકી અને અસ્વચ્છતા. વાઈબ્રન્ટ ગુજરાત

**સમયસર**

સમિટ અને પીબીડીના પગલે દેશ-વિદેશના મહેમાનોના અવરજવરના કારણે શહેરને એકદમ ચકચકિત બનાવી દેવાયું હતુ. એક સાથે સંખ્યાબંધ સફાઈ કર્મચારીઓની ફોજ ઉતારી શહેરને સ્વચ્છ બનાવીને તેને આંતરરાષ્ટ્રીય કક્ષાના શહેરોના દરજ્જામાં લાવીને મુકી દેવાયુ હતુ. સરકારી કાર્યક્રમો હવે પુરા થઈ ગયા છે. બધા પોતાના રૂટીન કામમાં જોતરાઈ ગયા છે. શહેર હવે પહેલાની જેમ ધબકતુ થતાં તે ફરીથી ગંદકીયુક્ત ન બને તે જોવાની ફરજ આપણી છે. આપણો નાગરિક ધર્મ છે કે આપણે આપણી આસપાસનું વાતાવરણ ચોખ્ખુ અને કચરામુક્ત રાખીએ તથા આપણી ભાવિ પેઢીને પણ એવુ જ વાતાવરણ રહેવા માટે આપીએ. ઠેર ઠેર કચરાપેટીઓ મુકાયેલી છે. કચરો તેમાં જ ફેંકીએ તેની કાળજી રાખીએ. માત્ર આપણુ આંગણુ જ નહી આપણા ઘરની પાસેનો માર્ગ ચોખ્ખો રહે તેની પણ કાળજી રાખીએ. જ્યાં ત્યાં કચરો ન ફેંકીએ, અન્યોને પણ આવી જ શિખામણ આપીએ. જરૂર પડે તો તંત્રની મદદ લઈએ અને તંત્રનું ધ્યાન પણ દોરીએ. જો આપણે શહેરને આવુ જ ચોખ્ખુ રાખવાની દૃઢ ઈચ્છાશક્તિ કેળવી લઈશુ તો જ સ્વચ્છ ભારતનો ખરો મંત્ર સાકાર થશે.


(તસવીર : કશ્યપ નિમાવત)

એ જ ગંદકી એ જ સ્થિતિ - ગાંધીનગર ગંદકી મુક્ત કર્યાનો આનંદની ઉજવણી હજી પુરી નથી થઈ ત્યાં તો ગંદકીના ઢગલા તસવીરોમાં ચમકવા લાગ્યા... કોણ જાણે કેમ ગાંધીનગરને આનો શ્રાપ છે... કે ગંદકી જતી જ નથી... કેટલા અભિયાન, કેટલી સંસ્થાઓ, કેટલા તંત્રવાહકો ગાંધીનગરને ગંદકીમુક્ત કરવા લાગી પડ્યા છે છતાં એની એ જ સ્થિતિ ફરીથી નજરે પડવા લાગી છે... ક્યાંક તો આપણે આપણો નાગરિક ધર્મ બજાવીએ...

# આવાસોનો ઢળતો સ્લેબ તોડી પતરાની શીટ નંખાશે

## વર્ષો જૂના આવાસોના ભારેખમ સ્લેબમાંથી પોપડા ખરતા અકસ્માતની દૃષ્ટિએ જોખમી : સે-૬ અને ૨૪માં કામ શરૂ

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સરકારી મકાનોના સ્લેબ અકસ્માતની દૃષ્ટિએ ભયજનક હોવાનું સ્પષ્ટ થતા તંત્ર દ્વારા તબક્કાવાર આ મકાનોના ઢળતા સ્લેબ તોડી પતરાની શીટ ફીટ કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો દાયકાઓ જૂના છે. જયારે વર્ષોના અંતે આ પૈકી ઘણા ખરા મકાનો જોખમી હાલતમાં છે. નિકાલ હેઠળના આ મકાનો તોડી પાડવાનું કામ પણ શરુ કરી દેવાયું છે. જયારે સરકારી આવાસોમાં સ્લેબમાંથી પોપડા ખરતા હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉદભવે છે. મકાનની છતમાંથી પોપડા ખરવાના લીધે અનેકવાર રહીશોને ઈજા થઈ હોવાના કીસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે. આ ઉપરાંત વર્ષો જૂના સરકારી આવાસના ઢળતા સ્લેબ પણ જોખમી હાલતમાં હોવાનું ધ્યાને આવ્યું છે આ સ્લેબ પર વજન વધુ હોવાથી પોપડા

● અનુસંધાન પાન-૭ પર

# તાપમાનમાં વારંવાર આવતો ચઢઉતાર બીમારી નોતરે છે

## લઘુત્તમ તાપમાન ક્યારેક એકાએક જ ૬-૭ ડિગ્રી નીચુ ઉતરી જાય છે તો ક્યારેક પારો ઉંચે ચઢી જાય છે જે શરીર માટે નુકશાનકારક સાબિત થાય છે

ગાંધીનગર, તા. ૨૨

છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં વારંવાર બદલાવ જોવા મળી રહ્યો છે. ક્યારેક ખુબ ઠંડી પડે છે તો ક્યારેક ધુમ્મસભર્યુ વાતાવરણ હોય છે. વળી તાપમાન પણ સ્થિર રહેતુ નથી. એકાએક તાપમાનમાં ૬ થી ૭ ડિગ્રીનો ફેરફાર જોવા મળે છે. જે આરોગ્ય પર પ્રતિકૂળ અસર કરી રહ્યું છે.

હજુ ગયા અઠવાડિયે લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું અને વસાહતીઓએ કડકડતી ઠંડીનો અહેસાસ કર્યો હતો. ત્યારબાદ ઉત્તરાયણની આસપાસ વાતાવરણમાં ફેરફાર જોવા મળ્યો હતો અને શહેરમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ હતી. ત્યારબાદ વાતાવરણ થોડુક સ્થિર થયું હતું. જો કે છેલ્લા બે દિવસથી ફરી વાદળછાયુ વાતાવરણ સર્જાયું હતું અને કમોસમી વરસાદ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પડ્યો હતો. સાથે જ લઘુત્તમ તાપમાન ૧૮.૨ ડિ.સે. જેટલુ ઉંચુ નોંધાયું હતું.

લઘુત્તમ તાપમાનમાં સતત થતો વધારો ઘટાડો લોકોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર કરી રહ્યું છે. સામાન્ય શરદી-ખાંસીથી લઈને હેવી વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓથી ખાનગી અને સરકારી હોસ્પિટલો ઉભરાઈ રહી છે. બાળકો અને વડીલોના સ્વાસ્થ્ય પર વધુ વિપરીત અસર જોવા મળી રહી છે. દમ અને શ્વાસના દર્દીઓ પણ આ વાતાવરણમાં તકલીફ અનુભવી રહ્યા છે.

### કમોસમી વરસાદ ૬ મી.મી.

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં ગઈકાલે સવારથી બદલાયેલુ વાતાવરણ સાંજે વરસાદી વાતાવરણમાં ફેરવાઈ હતુ. મોડી સાંજે ધીમી ધારે શહેરમાં વરસાદ પડવો શરૂ થયો હતો. લગભગ બે-ત્રણ કલાક પડેલો વરસાદ ૬ મી.મી. જેટલો નોંધાયો હતો.

ગઈકાલે સાંજે સૂર્યાસ્ત સમયે શહેરના ગણા ભાગોમાં છાંટા પડવાનો પ્રારંભ થઈ ચુક્યો હતો. મોડી સાંજે તેની ગતિ વધી હતી. તમામ માર્ગો ભીના થઈ ગયા હતા. કેટલાક સ્થળોએ તો નાના ખાબોચીયા પણ ભરાઈ ગયા હતા. હવામાનખાતાની કચેરીએ આપેલી વિગતો અનુસાર ગઈકાલે સાંજે લગભગ ૬ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૮.૨ ડિ.સે. નોંધાયું હતું, જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૯૪ ટકા અને સાંજે ૪૧ ટકા રહ્યું હતું.

# પાણી-ગટરનો વેરો વસુલવા ફેબ્રુઆરીમાં બીલનું વિતરણ થશે

## અસરકારક વસુલાત ઝુંબેશના અભાવે બાકી માંગણાનો આંકડો મોટો

ગાંધીનગર, તા. ૨૨

પાણી-ગટરવેરા સંદર્ભે આગામી ફેબ્રુઆરી મહીનાથી તંત્ર દ્વારા બિલ વિતરણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વેરા વસુલાત માટે હાલ બિલ તૈયાર કરવાનું કામ એજન્સીને સોંપી દેવાયું છે. તંત્રના ચોપડે વર્ષો જૂના બાકી માંગણાનો આંકડો પણ ઉંચો છે ત્યારે આગામી વેરા વસુલાતને અસરકારક બનાવવા પ્રયાસ હાથ ધરાયા છે.

શહેરના સેકટરો ઉપરાંત શહેરી વિસ્તારના ગામોમાં અંદાજિત ૨૬ હજાર જેટલા પાણી ગટર લાઈનના જોડાણકર્તાઓ પાસેથી પાણી-ગટરના વેરાની એડવાન્સ વસુલાત માટે તૈયારી શરુ કરી દેવાઈ છે. અંદાજિત ૨.૨૫ કરોડના માંગણાને ધ્યાને લઈ તંત્ર દ્વારા વેરા વસુલાતના બિલ તૈયાર કરવા કામ શરુ કરી દેવાયું છે. આગામી ફેબ્રુઆરી મહીનામાં વેરાના બિલનું વિતરણ શરુ કરી દેવાશે જયારે માર્ચ મહીના દરમિયાન તંત્ર દ્વારા વેરા વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. દાયકાઓના અંતે પણ પાણી-ગટર વરો ચુકવવામાં નાગરિકોની જાગૃતતાના અભાવે તંત્રના ચોપડે વેરા વસુલાતના બાકી માંગણા પેટે મોટા આંકડાની ઉધારી છે. વર્ષો જૂના બાકી વેરાની રીકવરી માટે હજુ સુધી કોઈ અસરકારક પગલા લઈ શકાયા નથી. જેના પરિણામે વેરાની ચુકવણીમાં જોડાણકર્તાઓ પણ ઉદાસીનતા દાખવતા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. વેરા વસુલાત ઉપરાતં વર્ષ દરમિયાન પણ તંત્ર દ્વારા બાકી વસુલાત માટે નોટીસ આપી માગણુ વસુલવા પ્રયાસ કરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત જીઆઈડીસી વિસ્તારમાં પણ બાકીદારોની સંખ્યા વિશેષ હોવાનું મનાઈ રહ્યું છે.

# સ્વર્ણિમ પાર્કની ૧ કરોડના ખર્ચે જાળવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૨

સ્વર્ણિમ પાર્કનું કામ પૂર્ણ થયા બાદ નગરની આગવી ઓળખ સમા પાર્કની જાળવણી માટે ખાનગી એજન્સીને જવાબદારી સોંપવામાં આવશે. ઘ-૪ થી ચ-૪ વચ્ચેના પાર્કની યોગ્ય માવજત અને દેખરેખ માટે પણ ટૂકમાં કામ સોંપી દેવાશે. સ્વર્ણિમ પાર્કની જાળવણી પાછળ વર્ષે રૂ. ૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં અસ્તિત્વમાં આવેલા સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેકટના નિર્માણ માટે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં ગ-૪થી ઘ-૪ વચ્ચેના વિસ્તારમાં હરિયાળા માર્ગ આસપાસ રસ્તા, વોકવે, ફૂડકોર્ટ અને લાઈટીંગ તેમજ પ્લાન્ટેશનનું કામ પૂર્ણ કરાયા બાદ વાઈબ્રન્ટ પૂર્વે ઘ-૪ થી ચ-૪ના વિસ્તારમાં પાર્કના નિર્માણની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. આ વિસ્તારમાં વિવિધ પ્રકારના પ્લાઝા ઉપરાંત ભવ્ય વોટરબોડીનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. જેના પરિણામે સહેલાણીઓમાં પણ અદમ્ય આકર્ષણ છવાયું છે.

ભવ્ય સ્વર્ણિમ પાર્ક નગરની આગવી ઓળખ બનતા આગામી દિવસોમાં અમદાવાદ સહીતના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં સહેલાણીઓ પાર્કની મુલાકાતે આવશે. જેને ધ્યાને લઈ પાર્કની યોગ્ય જાળવણી અને દેખરેખનો મામલો પણ મુખ્ય બન્યો છે. તંત્ર દ્વારા અગાઉ ગ-૪ થી ચ-૪ના ફર્સ્ટ ફેઈઝને અનુલક્ષી ૩ વર્ષ માટે પાર્કની જાળવણીનું કામ એજન્સીને સોંપવામાં આવ્યું હતું. જયારે પાર્કના બીજા ફેઈઝને ધ્યાનમાં લઈને પણ ટૂંકમાં જ જાળવણીનું કામ ખાનગી એજન્સીને સોંપી દેવાશે. સ્વર્ણિમ પાર્કની જાળવણીનો કોન્ટ્રાકટ ૩ વર્ષ માટે સોંપવામાં આવશે. અંદાજિત પ્રતિ વર્ષ રૂ. ૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

# રાજ્યના પોલીસતંત્રમાં બઢતી અને બદલીઓનો ગોઠવાયો તખ્તો

ગાંધીનગર, તા. ૨૨

૨૬મી જાન્યુઆરી પૂર્વે જ રાજ્યના પોલીસતંત્રમાં બઢતી અને બદલીના દોર હાથ ધરીને પોલીસતંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ એડીશનલ ડી.જી. આઈ.જી. અને ડી.આઈ.જી. સંવર્ગની કેટલીક જગ્યાઓ ખાલી છે. આ ઉપરાંત પોલીસ અધીક્ષક સંવર્ગની પણ કેટલીક જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. આ ખાલી જગ્યાઓ ચાર્જથી અથવા તો અપગ્રેડ કરીને ભરવામાં આવેલી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ ખાલી જગ્યાઓ બઢતીથી ભરવા તેમજ એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં લાંબા સમયથી ફરજ બજાવતા અધિકારીઓની બદલી કરવા માટેની પ્રક્રિયાઓ ગૃહ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ત્રણ ડી.આઈ.જી. કક્ષાના અધિકારીઓને આઈ.જી. તરીકે બઢતી આપીને તેની તે જ જગ્યાઓ પર નિમણુંક આપવામાં આવેલી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓને બઢતી આપવા અને બદલીઓ માટેની પ્રક્રિયાઓ ગૃહ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. અને આજ સાંજ સુધીમાં અથવા આવતીકાલ સાંજ સુધીમાં બઢતી અને બદલીનો દોર શરૂ કરીને રાજ્યના પોલીસતંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપરાંત કેટલાક જિલ્લા પોલીસ અધિક્ષક સંવર્ગના અધિકારીઓની બદલીઓનો પણ તખ્તો ગોઠવાઈ રહ્યો છે. ત્યાર બાદ બીજા તબક્કામાં નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીઓની બઢતી અને બદલીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.


(તસવીર : કશ્યપ નિમાવત)

સ્વચ્છ માર્ગો - ગાંધીનગરના રાજમાર્ગોને સ્વચ્છ રાખવા તંત્ર રાત-દિવસ જહેમત ઉઠાવે છે... ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા માટેની આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થાય છે... રાત-દિવસ ચ-માર્ગ અને ઘ-માર્ગ તથા ખ-માર્ગની સ્વચ્છતા માટે મોટરાઈઝ્ડ મશીન સતત કાર્યરત રહે છે...

# બોર્ડ-નિગમોમાં બાકી નિમણુંક એકાદ સપ્તાહમાં

ગાંધીનગર, તા. ૨૨

પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની મળનારી બેઠકમાં નવ રચીત તાલુકાઓના અધ્યક્ષોની નિમણુંક કરવામાં આવે તેવી શક્યતા છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં નવા સાત જિલ્લાઓ અને ૧૫ જેટલા તાલુકાઓની રચના કરવામાં આવી હતી. આ નવરચીત તાલુકાઓમાં ભાજપ સંગઠનની રચના કરવાની પ્રક્રિયા બાકી છે.

પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની આવતીકાલે બેઠક મળનારી છે. આ બેઠકમાં આ જિલ્લાના ધારાસભ્યો આગેવાનો સાથે પરામર્શ કર્યા બાદ નવ રચીત તાલુકાઓમાં અધ્યક્ષોની નિમણુંક કરવા અંગે સંભવીત નામો પર ચર્ચા કરીને આખરી નામોની પસંદગી કરવામાં આવશે અને સાંજે નવ રચીત તાલુકાઓમાં તાલુકા અધ્યક્ષો અને હોદ્દેદારોની નિમણુંકો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર હસ્તકના કેટલાક બોર્ડ-નિગમોમાં ચેરમેન, ડીરેક્ટરોની નિમણુંક બાકી છે. આથી આવતીકાલે મળનારી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં બોર્ડ-નિગમોમાં ચેરમેન-ડિરેક્ટરોની નિમણુંકો માટે નામો પર ચર્ચા કરવામાં આવશે અને નામોની એક યાદી તૈયાર કરીને રાજ્ય સરકારને મોકલી આપવામાં આવશે.

સરકાર સંગઠન સાથે નામો અંગે ચર્ચા કરશે અને ત્યાર બાદ કયા બોર્ડમાં કોને ચેરમેન તરીકે નિમણુંકો આપવી અને કોને ડિરેક્ટરો બનાવવા એ અંગે આખરી નામોની પસંદગી કરીને યાદી તૈયાર કરી દેવામાં આવશે.

પક્ષ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ફેબ્રુઆરીના પહેલા અથવા બીજા સપ્તાહમાં અમેરીકાના પ્રવાસે જનાર છે તે પહેલા કેટલાક બોર્ડ-નિગમોમાં ચેરમેન-ડીરેકટરોની નિમણુંકો કરાય તેવી શક્યતા છે.

### ઔદ્યોગિક તાલીમ સંસ્થા, દહેગામ
### શોર્ટ ટેન્ડર નોટીસ નં.૧/૨૦૧૪-૨૦૧૫

આથી અધિકૃત વિક્રેતાઓ પાસેથી આ સંસ્થા માટે મટીરીયલ ખરીદવા માટે સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ જાહેર રજાના દિવસ સિવાય સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક દરમિયાન તા. ૨૭/૧/૨૦૧૫ સુધીમાં સંસ્થા ખાતેથી રૂબરૂમાં મળી શકશે. ટેન્ડર અંગેની સઘળી માહિતી ટેન્ડર સાથે આપવામાં આવશે. ટેન્ડર ફી રૂ. ૫૦૦/- છે. ટેન્ડર સીલબંધ કવરમાં તા. ૨૮/૧/૨૦૧૫ ના રોજ ૧૨-૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે અને તા. ૨૮/૧/૨૦૧૫ના રોજ ૧૪-૦૦ કલાકે ખોલવામાં આવશે.

આખું ટેન્ડર કે ટેન્ડરનો કોઈપણ ભાગ રદ કરવાનો અબાધિત હક્ક સંસ્થાના વડાનો રહેશે.

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા, દહેગામ

માહિતી/૨૨૫૦/૨૦૧૪-૧૫

### જાહેર નિવિદા

કમિશનરશ્રી, ખોરાક અને ઔષદ નિયમન તંત્ર, બ્લોક નં.૮, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને ઝેરોક્ષની કામગીરી સબબ રસ ધરાવતી પેઢીઓ તરફથી ભાવપત્રકો બંધ કવરમાં મંગાવવામાં આવે છે. ભાવપત્રક તારીખ ૨૦/૨/૨૦૧૫ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહિ. રજીસ્ટર એ.ડી. / સ્પીડ પોસ્ટથી મળી જાય તે રીતે મોકલવા. કવર ઉપર 'ઝેરોક્ષની કામગીરીના ભાવપત્રક' તેમ લખવાનું રહેશે. આવેલ ભાવપત્રક રદ કરવાના અબાધિત અધિકાર કચેરીનો રહેશે અને તે અંગેના કારણો દર્શાવવામાં આવશે નહી.

કમિશનર
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૨૪૫/૨૦૧૪-૧૫










SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI | BENELAVE BATH FITTINGS | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com